Date :- 13-04-2025

Divya Bhaskar, Page-02, Surat

# તાપી નદી પર અડાજણથી ચોપાટી વચ્ચે મેટ્રો માટે બ્રિજ, સામાન્ય રોડના બ્રિજ કરતા નદીના પાણીથી તેની ઉંચાઈ 7 મીટર વધુ રહેશે, 8 સ્પાન અને લંબાઈ 350 મીટર હશે




**સન્ડે) ફોટો સ્ટોરી**

**લવકુશ મિશ્રા, સુરત** | સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ તાપી નદી પર એક ખાસ મેટ્રો બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે, જેને ટેક્સટાઈલ કોરિડોર તરીકે ઓળખવામાં આવશે. આ કોરિડોર સુરત શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગોને જોડશે, આ પુલના નિર્માણમાં ખાસ સાવચેતી રાખવામાં આવી રહી છે, જેથી નદીના પાણીના પ્રવાહમાં કોઈ અવરોધ ન આવે. અન્ય સ્થળોએ સામાન્ય રીતે 20 થી 25 મીટરના સ્પાનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તાપી નદી પર આવા કુલ 8 સ્પાન હશે, દરેકની લંબાઈ 50 મીટર હશે. સુરત મેટ્રોના આ બ્રિજ માટે કુલ 144 બોક્સ સેગમેન્ટનો ઉપયોગ કરવામાં આવશે. નદી કિનારેથી પુલના બાંધકામ માટે જરૂરી સામગ્રી અને સાધનોનું પરિવહન જેટી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. • **ફોટો રિતેશ પટેલ**

**આ પુલ પાણીના સ્તર કરતા 20 મીટર ઊંચો હશે** | આ મેટ્રો રેલ બ્રિજ સામાન્ય રોડ બ્રિજ કરતા લગભગ પાંચથી સાત મીટર ઊંચો હશે. બ્રિજની કુલ ઊંચાઈ વિશે વાત કરીએ તો, તેની ઊંચાઈ 20 મીટર સુધીની હશે. જેના પર ગર્ડર મૂકવામાં આવશે. મેટ્રો અધિકારીઓએ જણાવ્યું કે તે અડાજણ અને ચોપાટી વચ્ચે બનાવવામાં આવી રહ્યું છે, તેનું બાંધકામ શરૂ થઈ ગયું છે.